સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

પૂજા-પ્રાર્થનામાં ય આજકાલ અંચાઈ થાય છે!
પૈંચાઈ જાય ધર્મ ને સ્વાર્થમાં ખૈંચાઈ જાય છે,
મિંચાઈ જાય આંખ, ટ્રસ્ટીઓ જોયું ન જોયું કરે -
'મૂળ' 'ઠાકોર' પણ કરોડોમાં વૈંચાઈ જાય છે!!
(કાંકરોલી નો કારસો!)

હાઈકુ

હેતે ભીંજાવી -
કુમકુમ પગલે -
થયાં વિદાય...
(વિજયા દશમી)

તૂટે ને છૂટે
ત્રણ વાર 'તલ્લાકે' -
'કબૂલ' પ્રેમ!!
(સામાજિક અન્યાય)

ચિંતન

પંચભિઃ સહ ગન્તવ્યં સ્થાતવ્યં પંચભિઃ સહ ।
પંચભિઃ સહ વકતવ્યં ન દુઃખ પંચભિઃ સહ ॥

હંમેશાં ક્યાંક (યાત્રા-પ્રવાસ-મિલન-મુલાકાત) વગેરેમાં એકલા ન જવું - પાંચ કે એથી વિશેષ સમુદાયનો સંગ કરવો - સાથે જવું.

ક્યારેક એકલા બેસવું નહીં પાંચ વ્યક્તિ નો સમૂહ હોય ત્યાં જઈને બેસવું નહીં પાંચ વ્યક્તિનો સમૂહ હોય ત્યાં જઈને બેસવું. બોલવામાં પણ પાંચ વ્યક્તિનું પીઠબળ - સંમતિ કે સાથ હોય ત્યારે જ પોતાનો અભિપ્રાય મુક્તમને - હિંમતપૂર્વક રજૂ કરવો. જ્યારે કોઈ પીઠબળ ન હોય ત્યારે તમારી વાતમાં તથ્ય કે સત્ય હોય છતાં પણ મૌન રહેવું.

આમ સદાય 'પંચ'ની સાથે રહેવાની રક્ષણ થાય છે અને દુઃખમાં ટેકો મળે છે.

સુવિચાર

- જિંદગીમાં કંઈ ના કરી શક્યાનો 'રંજ' છે, છેલ્લી ચાલે ખબર પડી કે જિંદગી 'શતરંજ' છે - **અખંડ આનંદ**
- વાત કરવાની મજા એવા સાથે જ આવે જેની સાથે વાત કરતા પહેલા વિચારવું પડતું નથી - **એસ. ભટ્ટાચાર્ય**
- જ્યારે દુઃખ અને કડવી વાણી પણ તમને મીઠા લાગે ત્યારે સમજવું કે તમે જીવન જીવવાનું શીખી લીધું છે - **મુંબઈ સમાચાર**
- જ્યાં સુધી તમે પોતાનામાં વિશ્વાસ નહિ કરો ત્યાં સુધી તમને ભગવાન પર પણ વિશ્વાસ નહીં આવે - **સંત ઓગસ્ટીન**
- એક સારું પુસ્તક અને એક સારું સુવાક્ય માણસને પસ્તી બનતા રોકે છે - **શાહબુદ્દિન રાઠોડ**
- જરાક કાણું શું પડ્યું ખીસ્સામાં, સિક્કાથી વધારે તો સંબંધો સરકી પડ્યા... - **ચંદ્રકાન્ત શેઠ**
- આજનું ઔષધ : કાકડીના રસને ગુલાબજળ સાથે મિક્સ કરી ચહેરા પર લગાવવાથી ત્વચા નિખરે છે.

(સંકલન : દિપક વી. આસરા)

બોધકથા

સાચા હૃદય-ભક્તિભાવ અને શ્રદ્ધા-વિશ્વાસથી કરવામાં આવેલી પ્રાર્થના પ્રભુ સાંભળે જ છે પછી એ પોતાને માટે હોય કે અન્ય માટે કરી હોય.

પશ્ચિમના દેશમાં ચાર્લ્સ ફિલમૌર નામે એક સંત થઈ ગયા. એમને 'પ્રાર્થના' અને 'પ્રભુ' પર અખૂટ શ્રદ્ધા હતી. આ શ્રદ્ધા અને વિશ્વાસ દ્વારા જ એમણે એક ચિકિત્સા પદ્ધતિ વિકસાવી હતી. દરરોજ સાંજના પવિત્ર વાતાવરણમાં ચર્ચ પાસેના ચોકમાં દર્દીઓ - રોગીઓને નિશ્ચિત સમય માટે બધાને હૃદયપૂર્વક ઈશ્વરને વિનંતી કરી પ્રાર્થના કરવા માટે પ્રેરણા આપતા.

એક પત્રકારે એમને પુછ્યું - દવા વિના પણ તમારી પ્રાર્થના ચિકિત્સાથી દર્દીઓ સાજા કેવી રીતે થઈ જાય છે?

ચાર્લ્સે કહ્યું - પ્રાર્થના જાતે જ સંપૂર્ણ ચિકિત્સા પદ્ધતિ છે. પ્રાર્થના દ્વારા ચેતનાનું અવતરણ થાય છે અને ભાવ ચેતના ઔષધનું કામ કરે છે.

અંદરના રાવણને જલાવી અંતર અજવાળું કરીએ

તંત્રીસ્થાનેથી...

વિજયાદશમી. દશેરા.

સત્ય પર અસત્યનો વિજય. અસત્ય પર સત્યનો વિજય એ આપણે સૌ જાણીએ છીએ ને પ્રતિવર્ષ આ દિવસની ઉજવણી સારુ રાવણનું દહન પણ કરીએ છીએ. પરંતુ, હકીકતે રાવણ અને રામ અથવા સત્ અને અસત્ કે સદ્ અને અસદ્ વચ્ચેનો ભેદ આપણે પારખી શકતા નથી.

શાહરૂખ ખાનની ફિલ્મ 'રા-વન'માં ખલનાયક કહે છે એમ, 'આપણે પ્રતિવર્ષ રાવણનું દહન એટલા માટે કરીએ છીએ કે રાવણ હકીકતે મરતો જ નથી. એ કોઈ ને કોઈ સ્વરૂપે જીવ્યા જ કરે છે.'

વાત વિચારવા જેવી તો ખરી. રાવણ કહો કે અસત્ કે અંધકાર એ હકીકતે કાયમ તો છે જ. રામના જમાનામાં એ રાવણ સ્વરૂપે, કૃષ્ણના જમાનામાં કંસ સ્વરૂપે અસ્તિત્વમાં હતો, સતયુગમાં અસત્ય સ્વરૂપે અને આજના યુગમાં તો કંઈ કેટલાંય સ્વરૂપમાં એનું અસ્તિત્વ છે.

અને આપણી તકલીફ એ છે કે આપણે એ પૈકી મોટાભાગનાં સ્વરૂપોને ઓળખી કાઢ્યા છે તોય એમની સામે લડી નથી શકતા કે લડીએ છીએ તો એમને વશમાં નથી કરી શકતા, એમને ખત્મ નથી કરી શકતા. મથ્યા કરવાનું જાણે આપણી કિસ્મતમાં છે, પરિણામ મળતું નથી.

એને આપણને આપણી જે મોટી તકલીફ વિશે ખબર નથી તે એ છે કે આપણે બહારના રાવણો સાથે જ લડ્યા કરીએ છીએ, પણ રાવણ આપણી અંદરેય છે ને આવી જ રીતે અનેક સ્વરૂપે છે એ આપણે જાણતા જ નથી; એને દૂર કરવાનો સવાલ તો ઉપસ્થિત જ થતો નથી.

આધુનિક યુગમાં સત્ કે સદ્ની વ્યાખ્યા પણ બદલાઈ છે ને એટલે મારું ને તમારું સત્ય પણ જુદું જુદું છે એવું આપણે માનવા લાગ્યા છીએ. અલબત્ત, આ આપણી માન્યતા જ છે ને સત્ય એ સત્ય જ છે, પરંતુ આપણે તેને આપણા અર્થમાં જોઈએ છીએ. અને આ જ અર્થ આપણને એવું માનવા પ્રેરે છે કે આપણે સાચા છીએ, આપણામાં સાચાપણું છે. પોતાની અંદરની ખરાબી જોવાની આપણને આદત જ નથી.

સ્કૂલમાં સાંભળેલી એક વાત સાંભરે છે : આ દુનિયામાં ત્રણ પ્રકારના માણસો હોય છે. પહેલો પ્રકાર સામાન્ય માણસોનો જેમને એ જ ખબર નથી હોતી કે એમનામાં શું ખૂટે છે. બીજો પ્રકાર ડાહ્યા માણસોનો જેમને ખબર છે કે એમનામાં શું ખૂટે છે અને ત્રીજો પ્રકાર વિશિષ્ટ માણસોનો જેમને ખબર છે કે એમનામાં શું ખૂટે છે અને જે ખૂટે છે તેની પૂર્તિ ક્યાંથી કરી શકાય તેમ છે ?

સામાન્ય માણસોથી દુનિયા ભરી પડી છે, ડાહ્યાઓ ગણતરીના મળે છે અને વિશિષ્ટને તો શોધવા પડે તેમ છે.

આવી પરિસ્થિતિમાં બહારના રાવણને જલાવીને જ દશેરા મનાવવી રહી. અંદરના રાવણને જલાવવા માટે એની ભાળ પહેલાં મેળવવી પડશે ! ને એ માટે પોતાની અંદર ડોકિયું કરવું પડશે. એવી ટેવ, આવડત કે કમ-સે-કમ ખેલદિલી પણ છે ખરી ?

મદ ના કર મનમેં મિથ્યા ધનમેં જોર બદનમે જોબનમે

ક્ષણના ચણીબોર
વી. એસ. ગઢવી

લોકસાહિત્યના આજીવન ઉપાસક અને ભાતીગળ કથા-કાવ્યોના સંશોધક શ્રી ઝવેરચંદ મેઘાણી હમેશા એ વાતની ચિંતા કરતા કે વાત માંડનારા—વાર્તા કરનારા કસબીઓ ઓછા થતા જાય છે. મેઘાણીભાઈની ચિંતા સકારણ હતી. સમગ્ર શ્રોતાગણને પોતાની કહેણીની શૈલીથી ઝકડી રાખે તેવા મેઘાણંદબાપા જેવા વાર્તાકારો શોધવા જઈએ તો પણ મળે તેમ નથી. આથી આ ચિંતાની વાત તથા પોતાની લાગણી વ્યકત કરતા તેઓ પોતાના કવિ મિત્ર દુલાભાઈ કાગને કહે છે:

"વાર્તા કહેનારાઓ જયારે લુપ્ત થતા જાય છે તેવા આ સમયમાં તમે જે જે ભાઈઓ અસલી પાતાળફૂટ કંઠ ધરાવો છો તો એ કળા સાચવો અને વિશેષ ખીલે તેમ કરો" કવિ શ્રી કાગે તરતજ આ વાતનો જવાબ આપતા મેઘાણીભાઈને કહ્યું :

"વાર્તાકારની તો શી વાત કહું? વાર્તા તો કરી જાણી માઇના એક પૂત પિંગળશીભાઈએ !" (પિંગળશીભાઈ નરેલા ભાવનગરના રાજયકવિ) વાતને લંબાવતા ભગતબાપુ (કવિ કાગ) કહે છે: ગમે તેટલા મોટા કે નાના સમૂહ સમક્ષ, નજરને ધરતી પર સ્થિર કરી, ઊંચું કે આગળ પાછળ જોયા સિવાય એક અવધૂતની માફક વાગ્ધારા પિંગળશીબાપુ વહેતી મૂકતા. એ સર્જક-વાર્તાકારનું પૌરુષરૂપ કદી વિસરાશે નહિ." કવિઓના કવિ અને સર્જકોના પણ વડેરા સર્જક એવા રાજયકવિ પિંગળશીભાઈના અવસાન (માર્ચ-૧૯૩૯) સમયે મેઘાણીભાઈએ પિંગળશીભાઈની ચિરવિદાય એટલે જાણે ગરવાનું ટૂક તૂટી પડ્યું હોય તેવી વ્યથા-લાગણીનો અનુભવ કર્યો અને જન્મભૂમિ તથા ફૂલછાબમાં તેની નોંધ કરી. કવિ શ્રી કાગે અનેક સાહિત્યપ્રેમી લોકોની લાગણીને શબ્દદેહ આપ્યો.

સઘળે સ્થાનકે દીઠો
પિંગળશીને સઘળે સ્થાનકે દીઠો
મહારાજાઓને ડાયરે ડાયરે
સાચું સંભળાવતો મેં દીઠો
ઝૂંપડીઓની વણીને વેદના
ગીતમાં ગાતો મેં દીઠો...
ભકતોના પાતળીઆ તંબુરના
તારમાં, છેવટ સમાતો મેં દીઠો,
કૃષ્ણના હાથમાં સોંપી
હરદાનને, હોડી હંકારતો
મેં દીઠો....પિંગળશીને....
ડેલીએ બેઠો અડિખમ
ડુંગરો, દેતાં દેતાં મેં દીઠો...
સઘળે સ્થાનકે દીઠો.

કવિ શ્રી નાનાલાલે રાજ્ય કવિ શ્રી પિંગળશીભાઈ પાતાભાઈ નરેલા (૧૮૫૬-૧૯૩૯)ના અવસાનના સમાચાર સાંભળીને પિંગળશીભાઈના પુત્ર શ્રી હરદાનભાઈને સાંત્વના આપવા માટે એક પત્ર લખ્યો. નાનાલાલ લખે છે કે " પિંગળશીભાઈના અવસાનથી ભાવનગરની કાવ્યકલગી ખરી પડી છે. ભાવનગર મહારાજાના મુગટમાંથી એક હીરો ખરી પડ્યો છે. ગુજરાતની જૂની કવિતાનો છેલ્લો સિતારો આજે આથમ્યો " આવા કવિશ્રીનો જન્મ ભાવનગર જિલ્લાના સિહોર ગામમાં ઓકટોબર-૧૯૫૬ માં થયેલો. તેમના પિતા શ્રી પાતાભાઈ નરેલા પણ ભાવનગર રાજ્યના સુપ્રસિધ્ધ કવિ હતા. શ્રી ચંદ્રવદન મહેતાએ લખ્યું છે કે ભક્તિનો જે દોર નરસિંહ, મીરાં, ભોજલરામ ધીરા તથા દયારામની રચનાઓમાં વણાયેલો હતો એજ દોરમાં પરોવાયેલા હોય તેવા કાવ્યો પિંગળશીભાઈના છે. ઉપરાંત તેઓ પોતાની વાણીના અસ્ખલિત પ્રવાહથી શ્રોતાઓને મંત્રમુગ્ધ કરતા હતા તેનું સંભારણું પણ સ્વાનુભવેજ ચંદ્રવદન મહેતાએ લખેલું છે. પિંગળશીભાઈની કવિતાઓ શબ્દાડંબર વાળી નહિ પરંતુ મહદ અંશે સરળ ભાષામાં

અનુસંધાન પાના નં. ૭ પર

રાવણના તો દસ મોઢા હતા, આપણા હજાર છે...

વિચારયાત્રા
ડો. જય ઓઝા

ઑફિસમાં કૉલેજમાં, બજાર, સ્કૂલમાં ક્લિનિકમાં, બધાં માણસો ગંભીરપણે કામ કરતાં હોય. આપણે જે હોઈએ છીએ તેનાથી કંઈક વિશેષ દેખાવાનાં પ્રયત્નમાં અથવા શિષ્ટાચાર સાચવવાના દંભમાં આપણો અસલ ચહેરો જ આપણે ક્યાંક મૂકી આવ્યા છીએ. સમયની માંગ પ્રમાણે, જમાનાની આવશ્યકતા પ્રમાણે, લોકોની અપેક્ષા પ્રમાણે આપણને ચહેરા પર મહોરા લગાવતા ફરીએ છીએ.

નાના હતા ત્યારે મેળામાં જઈને 'વાઘનું', 'ભૂતનું' અને બીજા ચિત્ર-વિચિત્ર 'માસ્ક' મળતાં તે લેતા અને એ પહેરીને એકબીજાને ડરાવતા. ધીરે ધીરે મોટા થતા ગયા - તેમ એવા કોઈ પ્રત્યક્ષ - સ્થૂળ 'મહોરા'ઓ લીધા વગર પરોક્ષ રૂપે આપણા ચહેરા પર બીજા મહોરાઓ પહેરવામાં આપમે 'એક્કા' બની ગયા છીએ.

ઑફિસમાં બોસ સાથે અને બીજા કર્મચારીઓ સાથે અમુક પ્રકારનું વર્તન કરવાનું, સામેવાળાને ગમે તેવો વ્યવહાર કરવાનો, બીજા બધા આગળ 'અતડા' ન લાગીએ એટલે ઘણીવાર મૂલતઃ શાંત સ્વભાવનો વ્યક્તિ પણ ઑફિસમાં ઠઠ્ઠા મશ્કરી કરતાં હોય છે.

તો વળી રમતિયાળ સ્વભાવ વાળા કેરેકટરને તમે ગંભીરતાનું માસ્ક પહેરેલો જોશો. આ જ દુનિયા છે આ જ દુનિયાની રીત છે. આમ જ રહેવું પડે નહીંતર તમે 'મૂડી' અને 'મૂંજી' આવા બધા વિશેષણોથી ઓળખાવા લાગો. જરૂરી છે ઘરમાં, ઑફિસમાં, કોઈ ફંકશનમાં અલગ-અલગ વર્તન કરવું આવશ્યક છે. પણ મુશ્કેલી ત્યાં છે જયારે આટલા બધા મહોરાઓ પછી બધાની પાછળ રહેલો આપણો સાચો ચહેરો ખોવાઈ જાય છે અને આથી માણસ રઘવાયો બનીને ફરવા લાગે છે, હસવાનું ભૂલી જાય છે.

રીલીફ-રોડ થઈ લાલદરવાજા ચાલતા ચાલતા જઈ રહ્યો હતો, દરેક વ્યક્તિ દોડમાં હતી. દરેકના ચહેરા પર અનેક સાચા-ખોટા, દંભી, કપટી, ભાવો રમતા હતા. એક લક્ષ્ય વગરની દોડ હતી વેપારી સાથે ચડ-ભડ કરતા ગ્રાહકો. ગ્રાહકોને બાટલીમાં ઉતારવાનો આયાસ કરતા વેપારીઓ. 'પાઉચ-પાઉચ'ની બૂમો મારતા છોકરા. ૧૦ રૂપિયાની વસ્તુ લારીમાં વેચતા ફેરિયાઓ. સ્કુટર પર જતા જતા મોબાઈલ પર વાતો કરતાં સ્કૂટર ચાલકો. શું આ બધા આવા જ હશે જેવા છે? જેવા દેખાય છે? આખો દિવસ ગ્રાહકો સાથે માથાકૂટ કરતો વેપારી પણ કયારેક ગ્રાહક બનતો હશે ત્યારે રોલની અદલા-બદલી થશે પણ મૂળ વ્યક્તિ કયાં છે?

ઘણા વળી સામે ચાલીને 'ઈગો'નું મ્હોરું પહેરીને ! 'I am Something' ના લેબલવાળા અલગ જ તોરમાં ફરતા દેખાય છે.

આ અકથ્ય મૂંઝવણમાંથી નીકળવું હોય તો 'મહોરાં' કાઢવાની વિશેષ જરુર છે અને મહોરાં ઉતારવા માટે જરુરી છે અંગત મિત્રો બનાવવાની આવડત. અને વળી તે મિત્રો આગળ સાચો ચહેરો લઈને જવાની હિંમત, આપણામાંના બાળકને જીવંત રાખવાની કળા અને હસવા અને હસાવવાની આવડત.

આ અકથ્ય મૂંઝવણમાંથી નીકળવું હોય તો 'મહોરાં' કાઢવાની વિશેષ જરૂર છે. એવા મિત્રો જેમની સાથે બધી વાતો થઈ શકે. જયાં પોતાનો 'અહમ' બતાવવાની જરુર ન પડે. કેટલાંક દુઃખો માત્ર બોલી દેવાથી, હળવા ફુલ થઈ જવાય છે અને આ કહી દેવાની કળા માત્ર અંગત મિત્રો આગળ જ પ્રગટ કરી શકાય બધે કહેતા ફરીએ તો મુરખામાં ખપીએ.

આજના સમયમાં મિત્રતા સ્વાર્થનાં તંતુ પર રચાયેલી હોય છે. સ્વાર્થ સર્યો કે મિત્રતા ઓસરી, આવું જોવા મળે છે. પણ મિત્રતાનો પાયો છે. નિઃસ્વાર્થ ભાવના. તમારા બે-ત્રણ મિત્રો એવા હોવા જોઈએ કે જેમની સાથે તમે ચિંતા, દુઃખ વહેંચી શકો, ચર્ચી શકો. નિખાલસતાની તેમની સાથે હસી શકો. નિર્દોષ મસ્તી કરી શકો. વધારે પડતા વ્યવહારુ બનવાની દોડમાં જ આપણે આપણી નિખાલસતા અને નિર્દોષતાને મારી નાખી છે.

માણસ જેમ મોટો બને તેમ એને 'તમે' અને 'આપ' કહેનારા બહુ મળે છે. પણ 'તું' કહેનારા ઓછા મળે છે. 'તું' કહીને સ્પષ્ટ રીતે સાચી વાત કહેનારા નિઃસ્વાર્થી મિત્રો જ પ્રફુલ્લતા આપી શકે. ઘણા વ્યક્તિ એવા હોય છે જેના ચહેરા પર ગંભીરતા, ચિંતા અને આપખુદશાહી જ લટકતી હોય છે. હળવાશ, નિખાલતા તો જોજનો દૂર હોય છે. આપણામાંના બાળપણને જીવનભર એક ખૂણામાં જીવંત રાખવાનું હોય છે અને સમયે સમયે એ ખૂણાની મુલાકાત લેતા રહેવાની હોય છે, પણ આપણે જ આપણા બાળપણની હત્યા કરી નાખીએ છીએ. શ્રી સુરેશ જાનીની એક લાઈન અત્યારે યાદ આવે છે - 'શૈશવને જો ક્યાંક સંતાડી નહીં દઈએ તો શાણપણ એને વટાવી ખાશે.'

અને છેલ્લે પોતાની જાત પર હસતા આવડવું જોઈએ. બીજાની મશ્કરી કરીને હસીએ ત્યારે સાથે સાથે પોતાની મશ્કરી થતી હોય ત્યારે પણ એટલા જ સ્પિરીટ સાથે હસવું જરુરી છે કે જેથી કરીને સવારે લાફિંગ કલબમાં પરાણે હસવા ન જવું પડે.

તમારો ચહેરો એ જ તમારું વ્યક્તિત્વ છે. રવિન્દ્રનાથ ટાગોરે કહ્યું છે કે - 'આપણો ચહેરો એ ઉપરવાળાએ પૃથ્વી માટે આપેલું ઓળખપણ છે.' આ ઓળખપત્ર ચીમળાઈ ન જાય, અથવા ફાટી ન જાય, એની તકેદારી આપણા હાથમાં છે, આખા દિવસના અંતે જયારે આપણે મુલાકાત લઈએ છીએ ત્યારે પણ એટલીસ્ટ બધા મહોરા ઉતારી વાસ્તવિક ચહેરા સાથે બે ઘડી ગૂફતેગુ કરીએ તો પણ બસ છે.

હે રામ! તારા યુગનો રાવણ તો બહુ સારો હતો...
ભલે દસ ચહેરા હતા... પણ બધા
બહાર જ હતા... અંદર એક પણ નહીં.

- jayuoza@gmail.com, Mo. 9898046488

જહાં હમ ખડે હો જાતે હૈ, લાઈન વહીં સે શુરુ હોતી હૈ



અજવાળું - અજવાળું
તુષાર જોશી

'તમારા નામનો અર્થ શું થાય?' પ્રસિદ્ધ ફિલ્મ નિર્દેશક - લેખક ખ્વાજા અહેમદ અબ્બાસે એ નવોદિત કલાકારને પુછ્યું.

જવાબ મળ્યો 'સૂર્ય... ભગવાન બુદ્ધને પણ એક નામ હતું જે મારું નામ છે!'

કલાકારને કહ્યું માત્ર પાંચ હજાર રૂપિયા આપીશ. કોન્ટ્રાક્ટ થયો ત્યારે ખબર પડી કે આ તો પ્રસિદ્ધ કવિ હરિવંશરાય બચ્ચનનો સુપુત્ર અમિતાભ બચ્ચન છે. એમણે કવિને ફોન કરીને દીકરો ફિલ્મ લાઈનમાં આવે છે એની અનુમતી માંગીને જ કોન્ટ્રાક્ટ કર્યો.

બન્યું હતું એવું કે અમિતાભના ભાઈ અજિતાભે અમિતાભની થોડી તસ્વીરો ખ્વાજા અહેમદ અબ્બાસને મોકલી હતી. તેઓએ સાત હિન્દુસ્તાની નામની ફિલ્મ માટે એક મુસ્લિમ યુવકનો રોલ અમિતાભને આપ્યો હતો. ૧૯૬૯માં આ ફિલ્મ દિલ્હીની શીલા સિનેમામાં પ્રદર્શિત થયું હતું. અમિતાભ બચ્ચન એ સમયે જેસલમેરમાં સુનિલ દત્તની ફિલ્મ રેશમા ઔર શેરાના શુટીંગમાં વ્યસ્ત હતો. દિલ્હી આવીને માતા-પિતા સાથે અમિતાભે આ ફિલ્મ નિહાળી હતી. મજાની વાત એ હતી કે કૉલેજકાળ દરમિયાન અનેક ફિલ્મો અહીં જોઈ હતી અને આજે તે પોતાને જ Big Screen પર જોઈ રહ્યો હતો. એમ કહેવાય છે કે આ ફિલ્મનો અગાઉ ટ્રાયલ શૉ યોજાયો ત્યારે પ્રસિદ્ધ અભિનેત્રી મીનાકુમારીએ અમિતાભની એક્ટિંગની તારીફ કરી હતી.

અમિતાભનો ઘેરો-ઘુંટાયેલો અવાજ આજે એની ઓળખ છે પરંતુ ઓલ ઈન્ડિયા રેડિયોએ એક સમયે એના અવાજને પ્રસારણયોગ્ય ગણ્યો ન હતો. જલાલ આગા વિજ્ઞાપન કંપની ચલાવતો હતો એની વૈવિધ્યપૂર્ણ જાહેરખબરોમાં અમિતાભ વોઈસ ઓવર આપીને સંઘર્ષના દિવસો વિતાવ્યા છે.

૧૧ ઑકટોબર ૧૯૪૨ના રોજ ઉત્તરપ્રદેશના અલ્હાબાદમાં જન્મેલ એક બાળકને આજે દુનિયા સદીનો મહાનાયક તરીકે ઓળખે છે અને રોજે રોજ એ નવી ઉર્જા સાથે ૭૪ વર્ષ બીજાને હંફાવી દે એવી જિંદગી મૌજથી જીવે જાય છે.

પિતા હરિવંશરાય યુપીના કાયસ્થ અને માતા તેજીનું વતન પંજાબ. શેરવુડ કૉલેજ નૈનિતાલ અને દિલ્હીમાં કિરોરીમલ કૉલેજમાં અભ્યાસ કરી મુંબઈ આવ્યો અમિતાભ યુવાન વયે. ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં આવતા પહેલા ૧૯૬૯ની મૃણાલ સેનની ફિલ્મ 'ભુવન સોમ'માં નેરેટર તરીકે એવાજ આપ્યો. એ પછી ફિલ્મ આવી 'સાત હિંદુસ્તાની' જેના નિર્માણ સમયે ઉપરનો સંવાદ થયો હતો.

૧૯૭૧માં રાજેશ ખન્ના (એ સમયે હિંદી સિનેમાંનો પ્રથમ સુપરસ્ટાર) સાથે 'આનંદ' માં રોલ કર્યો અને ફિલ્મફેરનો બેસ્ટ સ્પોર્ટીંગ એકટરનો એવોર્ડ મળ્યો. ૧૯૭૩માં પ્રકાશ મહેરા સાથેની ફિલ્મ 'ઝંઝીર' દ્વારા નસીબ પલટાયું, પરંતુ એ પહેલા દસથી વધુ અસફળ ફિલ્મો એના નામે આવી ગઈ હતી. ઝંઝીર પછીની ફિલ્મોએ એની છબી 'એન્ગ્રી યંગમેન ઑફ ઈન્ડિયન સિનેમા'ની છબી ઊભી કરી. ૧૯૭૩માં જયા ભાદુરી સાથે પરિચય બાદ લગ્ન થયા.

દોસ્ત, રોટી કપડાં ઔર મકાન, ફરાર, ચુપકે ચુપકે, મીલી, દિવાર, શોલે, કભી-કભી, અમર અકબર એન્થની, ડૉન, ત્રિશુલ, મુકદર કા સિકંદર જેવી અનેક ફિલ્મોના કેરેકટર દ્વારા એ છવાઈ ગયો. પ્રેક્ષકોના હૃદયમાં - મસ્તિસ્કમાં.

૨૬ જુલાઈ ૧૯૮૨નો દિવસ કમનસીબ રહ્યો જયારે બેંગ્લોરમાં ફિલ્મ 'કુલી'ના શુટીંગની ફાઈટ સિકવન્સ દરમિયાન સાથી કલાકરા પુનિત ઈસ્સારનો મુક્કો વાગતા તબિયત બગડી. આખા દેશે એના માટે દુઆ કરી. આખરે ડૉકટરોની મહેનત અને પરિવારજનો તથા પ્રિયજનોની પ્રાર્થના ફળી અને અમિતાભ હેમખેમ ફરી સાજો થઈ ગયો.

પારિવારિક મિત્ર રાજીવ ગાંધીના કારણે રાજકારણમાં પ્રવેશ થયો. ૮મી લોકસભામાં અલ્હાબાદથી ચુંટાયા બાદ ત્રણ વર્ષમાં રાજીનામું આપી દીધું. બોફોર્સ સ્કેન્ડલમાં એનું નામ સંડોવાયું જેમાંથી બે દાયકા બાદ એને ક્લીનચીટ મળી.

અમિતાભ બચ્ચન કોર્પોરેશન લિમિટેડની નિષ્ફળતા અને આર્થિક દેવું, પુત્ર અભિષેક બચ્ચનની કારકિર્દી, અભિનેત્રી રેખા સાથેના તેના સંબંધો, શત્રુઘ્નસિંહા સાથેના સંબંધો, શત્રુઘ્ન સિંહા સથેના સંબંધો - અમરસિંહ હોય કે અનિલ અંબાણી કે નરેન્દ્ર મોદી, એ હંમેશા સંબંધોમાં - પ્રવૃત્તિમાં ઈન ફોકસ રહ્યો.

૧૯૮૮ થી ફરી ફિલ્મોમાં કામ શરુ કરીને ૨૦૧૬માં આવેલી બ્લેક - નિઃશબ્દ, ચીનીકમ, પા, તીન અને પીંક સુધીની ફિલ્મોમાં એ ચેલેન્જેબલ રોલ કરતો રહ્યો.

ટીવીના પડદે વર્ષ ૨૦૦૦થી શરુ થયેલ કૌન બનેગા કરોડપતિ અને એ પછી બીગ બોસ તથા યુદ્ધ સિરિયલ દ્વારા નાના પડદે પણ અમિતાભે રાજ કર્યું. સ્ટેજ શો બાબતે એક મુલાકાતમાં એ કહે છે કલ્યાણજી-આણંદજી મને અમેરિકા-વેસ્ટ ઈન્ડિઝ લઈ ગયા. મેં ફિલ્મોમાં ગાયેલા ગીતો સ્ટેજ પર ગવડાવ્યાને એમ ગામક તરીકેની કારકિર્દીમાં પણ એણે સ્મરણીય ગીતો આપ્યા.

૧૯૮૦ના દાયકાના એક ટીવી ઈન્ટરવ્યુમાં જયા બચ્ચન કહે છે 'તીન બચ્ચે સંભાલને પડતે હૈ' તુરંત અમિતાભ ઉમેરે છે 'દો હમારે ઔર એક મેં' અને આજે દાદા અમિતાભ પૌત્રી આરાધ્યા માટે પુરતો સમય આપે છે.

શતરંજ કે ખિલાડી, બાલિકા વધુ, તેરે મેરે સપને, લગાન, પરિણિતા, જોધા અકબર, કહાની, ક્રીશ-૩, જેવી અનેક ફિલ્મોમાં એનો અતિ પ્રભાવશાળી અવાજ નેરેશનમાં આપણે સાંભળ્યો છે.

શહેનશાહ ઑફ બોલીવૂડ, સ્ટાર ઑફ ધ મિલેનિયન, બીગ-બી, વન મેન ઈન્ડસ્ટ્રી જેવા અનેક ઉપનામો જેની ઓળખ છે. એવા અમિતાભ બચ્ચનનો આજે જન્મ દિવસની શત્ શત્ શુભકામનાઓ.

વિશેષણો ટૂંકા પડે - શબ્દો ખૂટી પડે અને મૌનનો મહિમા સમજાય એવા મહાનાયક અમિતાભ બચ્ચન જેવા અદાકાર માં સરસ્વતીની કૃપા લઈને ધરતી પર અવતરણ કરતા હોય છે.

મુંબઈના એક કાર્યક્રમમાં અને એ પછી લેસ્ટરમાં એમને નજીકથી મળવાનું જોવાનું બન્યું એ મારા માટે આનંદની ઘટના અને મીઠા સંભારણા છે.

અનુસંધાન પાના નં. ૭ પર